# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

***************************************************

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હી વિધાનસભા ખાતે બે દિવસીય અખિલ ભારતીય સ્પીકર્સ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું.
2. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગગનયાન અવકાશ મિશનને આત્મનિર્ભર ભારતની યાત્રામાં એક નવા અધ્યાય તરીકે વર્ણવ્યુ.
3. સપાટીથી હવામાં પ્રહાર કરતી અત્યંત આધુનિક મિસાઇલનું ભારતે સફળ પરિક્ષણ કર્યું.
4. બિહારની નદીઓનું જળસ્તર વધતાં નાલંદા, જહાનાબાદ અને ગયા જિલ્લાના ઘણા વિસ્તારોમાં પૂર.
5. એક સમયે રન ગેટિંગ મશીન તરીકે પ્રસિધ્ધ ભારતના ટોચના ક્રિકેટર ચેતેશ્વર પૂજારાની ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# DELHI -SPEAKERS CONFERENCE

ગૃહમંત્રી અમિત શાહે આજે રાષ્ટ્રીય રાજધાનીમાં દિલ્હી વિધાનસભા ખાતે બે દિવસીય અખિલ ભારતીય સ્પીકર્સ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું. આ કોન્ફરન્સનું આયોજન કેન્દ્રીય વિધાનસભાના પ્રથમ ચૂંટાયેલા ભારતીય સ્પીકર વિઠ્ઠલભાઈ પટેલના શતાબ્દી વર્ષની ઉજવણી માટે કરવામાં આવ્યું છે.

## (BYTE: AMIT SHAH)

રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રથમ વખત આયોજિત આ ઐતિહાસિક કાર્યક્રમ રાજ્ય વિધાનસભાઓના સ્પીકર અને ડેપ્યુટી સ્પીકર તેમજ રાજ્ય વિધાનસભા પરિષદોના ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનને એક મંચ પર લાવી રહ્યું છે.

બે દિવસીય કાર્યક્રમ દરમિયાન ચર્ચા-વિચારણા , પ્રમુખ અધિકારીઓને અનુભવો શેર કરવા, શ્રેષ્ઠ પ્રથાઓનું આદાન-પ્રદાન કરવા અને વિધાનસભાઓની કામગીરી માટે નવા અભિગમોની વિચારણા થશે AI-સક્ષમ સાધનો જેવા ડિજિટલ નવીનતાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને, કોન્ફરન્સનો ઉદ્દેશ્ય કાયદા ઘડતરમાં પારદર્શિતા, કાર્યક્ષમતા અને પ્રતિભાવને મજબૂત બનાવવાનો છે.

ગૃહમંત્રીએ વિઠ્ઠલભાઈ પટેલ પર દુર્લભ આર્કાઇવલ રેકોર્ડ , ફોટોગ્રાફ્સ અને દસ્તાવેજો દર્શાવતા એક વિશેષ પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કર્યું અને ભારતની સંસદીય સંસ્થાઓના ઉત્ક્રાંતિનું પણ ઉદ્ઘાટન કર્યું. તેમના જીવન પર આધારિત એક સ્મારક ટપાલ ટિકિટ પણ પ્રસિધ્ધ કરવામાં આવી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GAGANYATRI-RAJNATH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે જણાવ્યું કે ભારત તેના પ્રથમ માનવ અવકાશ મિશન, ગગનયાન માટે સંપૂર્ણપણે સજ્જ છે , અને આ ફક્ત એક તકનીકી સિદ્ધિ નથી, પરંતુ આત્મનિર્ભર ભારતની યાત્રામાં એક નવો અધ્યાય છે. સંરક્ષણ મંત્રીએ નવી દિલ્હીમાં ગગનયાત્રીના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા, પ્રશાંત બાલકૃષ્ણન નાયર, અજિત કૃષ્ણન અને અંગદ પ્રતાપના સન્માન સમારોહને સંબોધતા આ વાત કહી હતી, શુભાંશુ શુક્લ સહિત ચારને આ મિશન માટે પસંદ કરવામાં આવ્યા છે. શ્રી સિંહે કહ્યું કે ભારતનું યોગદાન ફક્ત અવકાશમાં ઉપગ્રહો મોકલવાનું નથી પરંતુ દેશે વિશ્વને બતાવ્યું છે કે તે માટે ભારત સંપૂર્ણ સક્ષમ છે. મંત્રીએ કહ્યું કે ભારત અવકાશને ફક્ત સંશોધન ક્ષેત્ર તરીકે જોતું નથી , પરંતુ આવતીકાલ માટે અર્થતંત્ર , સુરક્ષા, ઊર્જા અને માનવતાના ભવિષ્યની ચાવી તરીકે જુએ છે.

(બાઈટ - રાજનાથ સિંહ)

ગ્રુપ કેપ્ટન શુક્લાની અવકાશ યાત્રા પર પ્રકાશ પાડતા શ્રી સિંહે કહ્યું કે સામાન્ય રીતે અવકાશ કાર્યક્રમની તાલીમ ઘણી લાંબી હોય છે, જેમાં લગભગ અઢી વર્ષનો સમય લાગે છે , પરંતુ શુભાંશુ શુક્લાએ માત્ર અઢી મહિનામાં તાલીમ પૂર્ણ કરી. તેમણે કહ્યું કે આ સિદ્ધિ માત્ર તેમની વ્યક્તિગત ક્ષમતાની સાક્ષી નથી પણ ભારતીયોના મહેનતુ મનનું પ્રતીક પણ છે.

. . . . . . . . . .

# PM-GUJRAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. પ્રધાનમંત્રી આવતીકાલે અમદાવાદના નિકોલમાં સભાને સંબોધશે . આ દરમિયાન શ્રી મોદી અમદાવાદ અને ગાંધીનગરમાં શહેરી વિકાસને લગતા અંદાજે બે હજાર 548 કરોડ રૂપિયાની પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી અમદાવાદને અંદાજે બે હજાર 267 કરોડ રૂપિયાની પરિયોજનાની ભેટ આપશે. આ પરિયોજના હેઠળ અંદાજે એક હજાર 624 કરોડ રૂપિયાના ખર્ચે સરદાર પટેલ રિંગ રોડ છ માર્ગીય બનાવાશે . જ્યારે દક્ષિણ –પશ્ચિમ ઝૉનમાં નાનું રમતગમત સંકુલ બનાવાશે.

શ્રી મોદી ગાંધીનગરમાં શહેરી વિકાસના કુલ 281 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે . ઉપરાંત ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ G.U.D.A. દ્વારા 38 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....

# FIJI PM INDIA VISIT

ફિજીના પ્રધાનમંત્રી સિટેની લિગામામાડા રાબુકા આજે ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવી રહ્યા છે. તેમની સાથે તેમના પત્ની સુલુએતી રાબુકા પણ રહેશે. શ્રી રાબુકા સાથે આવેલા પ્રતિનિધિમંડળમાં આરોગ્ય અને તબીબી સેવા મંત્રી, રતુ એન્ટોનિયો લાલાબાલાવુ અને વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે , આ પ્રધાનમંત્રી રાબુકાની ભારતની પ્રથમ મુલાકાત છે. શ્રી રાબુકા આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરશે. શ્રી રાબુકા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળવાના છે.

ભારત અને ફિજી વચ્ચેના લાંબા ગાળાના અને સ્થાયી સંબંધો માટે ફિજીના પ્રધાનમંત્રીની મુલાકાત મહત્વપૂર્ણ છે.

. . . . . . . . . . . . .

# REV. DRDO-IADWS

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન -**DRDO**એ ગઈકાલે ઓડિશા દરિયાકાંઠે એક સંકલિત હવાઈ સંરક્ષણ શસ્ત્ર પ્રણાલીનું પ્રથમ સફળ પરીક્ષણ કર્યું.

આ બહુ-સ્તરીય સ્વદેશી પ્રણાલીમાં સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઇલ , એક અદ્યતન ટૂંકી-અંતરની હવાઈ સંરક્ષણ મિસાઇલ અને લેસર-માર્ગદર્શિત નિર્દેશિત ઉર્જા શસ્ત્રનો સમાવેશ થાય છે.

પરીક્ષણ ઉડાન દરમિયાન, આ પ્રણાલીએ વિવિધ અંતરે સ્થિત ત્રણ લક્ષ્યોને સફળતાપૂર્વક નષ્ટ કર્યા. આ પ્રસંગે સંસ્થાના વરિષ્ઠ વૈજ્ઞાનિકો ઉપરાંત , સશસ્ત્ર દળોના પ્રતિનિધિઓ પણ હાજર હતા.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે **DRDO** વૈજ્ઞાનિકો, સશસ્ત્ર દળો અને સંરક્ષણ ઉદ્યોગને પરીક્ષણ ઉડાનની સફળતા બદલ અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે આ અનોખી પ્રણાલીની સફળતાએ દેશની બહુ-સ્તરીય હવાઈ સંરક્ષણ ક્ષમતા સ્થાપિત કરી છે અને દેશના સંરક્ષણ મથકોની સુરક્ષાને મજબૂત બનાવશે

. . . .

# BIHAR - FLASH FLOODS

બિહારમાં નદીઓના જળસ્તરમાં અચાનક વધારો થવાને કારણે , નાલંદા, જહાનાબાદ અને ગયા જિલ્લાના ઘણા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.

ફાલ્ગુ, લોકાયિન, મુહાને અને રાજ્યની અન્ય મોસમી નદીઓમાં પાણી વધવાથી અને ઝારખંડથી ફાલ્ગુ નદીમાં મોટા પ્રમાણમાં પાણી છોડવાથી આ સ્થિતિ સર્જાઈ છે. જળ સંસાધન વિભાગે હાઈ એલર્ટ જાહેર કર્યું છે. નાલંદા , જહાનાબાદ અને ગયામાં ઘણા ઘરો પૂરની ઝપેટમાં આવ્યા છે અને પાક પણ મોટા પાયે નાશ પામ્યો છે.

નાલંદા જિલ્લામાંથી પસાર થતી લોકાયિન નદીના પાણીમાં વધારો થવાથી પૂરની સ્થિતિ સર્જાઈ છે. નાલંદાના એકાંગરાસરાય અને હિલસા બ્લોકના લગભગ 12 ગામોમાં પૂરનું પાણી ફેલાઈ ગયું છે , જેના કારણે લોકોને છત અને નજીકના ઊંચા સ્થળોએ આશરો લેવાની ફરજ પડી છે. નાલંદાનો જહાનાબાદ સાથે સીધો સંપર્ક કપાઈ ગયો છે અને વાહનવ્યવહાર પણ ખોરવાઈ ગયો છે.

ગયા જિલ્લામાં , ફાલ્ગુ, મુહાણે અને અન્ય મોસમી નદીઓના પૂરના પાણી બોધ ગયાના ઘણા ગામોમાં પ્રસરી ગયા છે. જિલ્લા વહીવટીતંત્રે લોકોને સતર્ક રહેવા અપીલ કરી છે.

. . . . .

# CRICKET - PUJARA RETIREMENT

એક સમયે રન ગેટિંગ મશીન તરીકે ઓળખાતા ભારતીય બેટ્સમેન ચેતેશ્વર પૂજારાએ આજે ભારતીય ક્રિકેટના તમામ સ્વરૂપોમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.

સાડત્રીસ વર્ષના આ બેટ્સમેન એક દાયકાથી વધુ સમય સુધી ભારતના ત્રીજા નંબરના સૌથી વિશ્વસનીય ખેલાડી રહયા હતા. તેમણે 2010માં ડેબ્યૂ કર્યા પછી ભારત માટે 103 ટેસ્ટ અને પાંચ ODI રમી છે , જેમાં તેમણે 43.60ની સરેરાશથી સાત હજાર 195 ટેસ્ટ રન બનાવ્યા છે , જેમાં 19 સદી અને 35 અડધી સદીનો સમાવેશ થાય છે. તેમનો છેલ્લો ટેસ્ટ દેખાવ જૂન 2023માં ઓવલ ખાતે ઓસ્ટ્રેલિયા સામે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલમાં હતો.

છેલ્લા દાયકામાં ટેસ્ટ ક્રિકેટમાં ભારતે, દેશ અને વિદેશમાં મેળવેલી બધી મોટી સફળતાઓમાં તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. છેલ્લા એક વર્ષથી , પૂજારા કોમેન્ટ્રી ક્ષેત્રે પોતાનો હાથ અજમાવી રહ્યા છે.

. . .

# REV ARCHERY

કેનેડામાં, વર્લ્ડ યુથ તીરંદાજી ચેમ્પિયનશિપમાં , ભારતની ચિકિથા તાનીપાર્થીએ વ્યક્તિગત જુનિયર ટાઇટલમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

તેઓ આ ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય તીરંદાજ છે. તેમણે કમ્પાઉન્ડ અંડર-21 મહિલા વર્ગની ફાઇનલમાં કોરિયાની યેરિન પાર્કને **142-136** હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WEIGHTLIFTING

અમદાવાદના નારણપુરા ખાતેના વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપનો આજે ઉદ્ઘાટન સમારોહ યોજાશે.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાના હસ્તે આ સ્પર્ધાનું ઉદઘાટન થશે. 25થી 31 ઓગસ્ટ દરમિયાન યોજાનારી વિવધ સ્પર્ધાઓમાં 30 કોમનવેલ્થ દેશોના 291 એથલિટ્સ ભાગ લેશે. આ સ્પર્ધા ગ્લાસગો ખાતે યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ 2026ની ક્વોલિફાયર ઇવેન્ટ પણ હશે.

આ પ્રસંગે રાજ્યના રમતગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને આંતર રાષ્ટ્રીય વેઇટ લિફ્ટીંગના અધ્યક્ષ મહમદ હસન જાલૂદ પણ ઉપસ્થિત રહેશે..

. . . . .